તા.૦૭/૧૨/૨૦૨૨

## બાબરા પોલીસ સ્ટેશનના અપહરણના ગુનામાં સાત માસથી નાસતા ફરતા આરોપીને પકડી પાડતી અમરેલી એલ.સી.બી. ટીમ

ભાવનગર રેન્જ આઇ.જી.શ્રી ગૌતમ પરમાર સાહેબ નાઓએ ભાવનગર રેન્જના જિલ્લાઓમા ગુનાઓ કરી નાસતા ફરતા આરોપીઓને પકડી પાડવા સુચના આપેલ હોય, અમરેલી પોલીસ અધિક્ષકશ્રી હિમકર સિંહ સાહેબ નાઓએ અમરેલી જીલ્લામા ગુનાઓ આચારી, પોતાની કાયદેસરની ધરપકડ ટાળવા માટે નાસતા ફરતા આરોપીઓ તથા જેલમાંથી ફરાર થયેલ કેદીઓને પકડી પાડવા અમરેલી જિલ્લા પોલીસને માર્ગદર્શન આપેલ હોય,

જે અન્વયે અમરેલી એલ.સી.બી. પોલીસ ઇન્સ. શ્રી એ. એમ. પટેલ નાઓની રાહબરી હેઠળ એલ.સી.બી. ટીમે બાબરા પોલીસ સ્ટેશન એ પાર્ટ ગુ.ર.નં.૧૧૧૯૩૦૦૮૨૨૦૪૦૮/૨૦૨૨, ઇ.પી.કો. કલમ ૩૬૩, ૩૬૬, તથા પોકસો એકટ કલમ ૧૮ મુજબના કામે સાત મહિના પહેલા બાબરા તાલુકાના કલોરાણા ગામેથી ૧૭ વર્ષની સગીરાનું અપહરણ કરી, નાસી જનાર આરોપીને ભોગ બનનાર સગીરા સાથે ગઇ કાલ તા.૦૬/૧૨/૨૦૨૨ ના રોજ બાબરા ગામેથી પકડી પાડી, પકડાયેલ આરોપી તથા ભોગ બનનારને આગળની કાર્યવાહી થવા સારૂ બાબરા પોલીસ સ્ટેશનમાં સોંપી આપેલ છે.

⇨ **પકડાયેલ આરોપીની વિગતઃ-**

લાલજી ઉર્ફે નીલ ઉર્ફે નીલેશ સ./ઓ. છગનભાઇ પરમાર, ઉ.વ.૨૧, રહે.વાસાવડ, તા.ગોંડલ, જિ.રાજકોટ,

તા.૨૭/૦૪/૨૦૨૨ નાં રોજ પકડાયેલ આરોપી ફરીયાદીની સગીર વયની દિકરીને બાબરા તાલુકાના કલોરાણા ગામેથી લલચાવી ફોસલાવી ફરિયાદીના કાયદેસરના વાલીપણામાંથી અપહરણ કરીને લઇ ગયેલ હતો.

આ કામગીરી અમરેલી પોલીસ અધિક્ષકશ્રી હિમકર સિંહ સાહેબનાઓની સુચના અને માર્ગદર્શન હેઠળ અમરેલી એલ.સી.બી. પોલીસ ઇન્સ.શ્રી એ.એમ.પટેલ તથા પો.સ.ઇ.શ્રી વી.વી.ગોહિલ તથા એલ.સી.બી. ટીમના એ.એસ.આઇ. જાવેદભાઇ ચૌહાણ તથા વુ. હેડ કોન્સ. દયાબેન જસાણી તથા પો.કોન્સ. રાહુલભાઇ ઢાપા દ્વારા કરવામાં આવેલ છે.

**અમરેલી તાલુકાના કેરીયાનાગસ ગામની સીમમાં જુગાર રમતા સાત ઇસમોને રોકડ રકમ સહિત કુલ કિં.રૂ.૫૫,૬૦૦/- ના મુદ્દામાલ સાથે પકડી પાડતી અમરેલી એલ.સી.બી. ટીમ**

ભાવનગર રેન્જ આઇ.જી.શ્રી ગૌતમ પરમાર સાહેબ નાઓએ ભાવનગર રેન્જના જિલ્લાઓમાંથી દારૂ-જુગારની બદી દુર કરવા પ્રોહી-જુગારના કેસો કરવા સુચના આપેલ હોય, અમરેલી પોલીસ અધિક્ષકશ્રી હિમકર સિંહ સાહેબ નાઓએ જુગારની ગેરકાયદેસર પ્રવૃતિ કરતા ઇસમો ઉપર વોચ ગોઠવી, તેમના ઉપર સફળ રેઇડ કરવા સુચના અને માર્ગદર્શન આપેલ હતું,

અમરેલી એલ.સી.બી. પોલીસ ઇન્સ.શ્રી એ.એમ.પટેલ નાઓની રાહબરી હેઠળ એલ.સી.બી.ટીમ આજ રોજ તા.૦૭/૧૨/૨૦૨૨ નાં શરૂ રાત્રીના પેટ્રોલીંગ દરમ્યાન બાતમી હકિકત આધારે અમરેલી તાલુકાના કેરીયાનાગસ ગામથી વરસડા તરફ જવાના રસ્તે ખારા વિસ્તારની સીમમાં આવેલ કુરજીભાઇ ધનજીભાઇ ચત્રોલાની વાડીના શેઢા પાસે જાહેરમાં પૈસા પાનાથી હારજીતનો જુગાર રમતા એક મહિલા સહિત સાત ઇસમોને જુગાર રમતા રોકડ રકમ તથા જુગાર સાહિત્ય સાથે પકડી પાડી, સાતેય ઇસમો સામે જુગારધારા મુજબ ધોરણસર કાર્યવાહી કરી, પકડાયેલ આરોપીઓ તથા મુદ્દામાલ અમરેલી રૂરલ પોલીસ સ્ટેશનમાં સોંપી આપેલ છે

 પકડાયેલ આરોપીઃ-

(૧) અજય કુરજીભાઇ ચત્રોલા, ઉ.વ.૪૪, રહે.કેરીયાનાગસ, તા.જિ.અમરેલી.

(૨) આસીફ અબ્દુલભાઇ ડેરૈયા, ઉ.વ.૩૮, રહે.અમરેલી, ઘાંચીવાડ, કુબાણીયાપા, તા.જિ.અમરેલી.

(૩) જીગ્નેશ રમેશભાઇ ચાવડા, ઉ.વ.૩૧, રહે.અમરેલી, જૈન દેરાસર ચોક,તા.જિ.અમરેલી.

(૪) ઇમરાન ગફારભાઇ મેહતર, ઉ.વ.૩૬, અમરેલી, ટાવર ચોક, તા.જિ.અમરેલી.

(૫) અમીન સતારભાઇ જેઠવા, ઉ.વ.૪૨, રહે.અમરેલી, કંસારાબજાર, ભાટીયાશેરી, તા.જિ.અમરેલી.

(૬) બીપીન રમેશભાઇ બોઘરા, ઉ.વ.૨૯, રહે.અમરેલી, ચકકરગઢ રોડ, સંસ્કાર કોમ્પ્લેક્ષ, તા.જિ.અમરેલી.

(૭) ક્રિષ્ણાબા હરીસિંહ પરમાર, ઉ.વ.૪૩, રહે. અમરેલી, માણેકપરા, પાંચ માળીયા, તા.જિ.અમરેલી.

 પકડાયેલ મુદ્દામાલઃ-

રોકડા રૂ.૫૫,૫૦૦/- તથા એક હાથબત્તી કિં.રૂ.૧૦૦/- તથા ગંજીપત્તાના પાના નંગ-૫૨ કિં.રૂ.૦૦/- મળી કુલ કિં.રૂ.૫૫,૬૦૦/- નો મુદ્દામાલ.

આ કામગીરી અમરેલી પોલીસ અધિક્ષકશ્રી હિમકર સિંહ સાહેબનાઓની સુચના અને માર્ગદર્શન હેઠળ અમરેલી એલ.સી.બી. પોલીસ ઇન્સ.શ્રી એ.એમ.પટેલ તથા પો.સ.ઇ.શ્રી વી.વી.ગોહિલ તથા એલ.સી.બી. ટીમના એ.એસ.આઇ. મહેશભાઇ સરવૈયા, તથા હેડ કોન્સ. અજયભાઇ સોલંકી, તથા વુ.હેડ કોન્સ. દયાબેન જસાણી, તથા પો.કોન્સ. ઉદયભાઇ મેણીયા, હરેશભાઇ કુંવારદાસ દ્વારા કરવામાં આવેલ છે.